# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ

## ગાંધીનગર

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની તમામ માધ્યમિક શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ,વહીવટી કર્મચારીઓ,વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ધો-૧૦ માર્ચ-૨૦૨૪ ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ:-૧૧/૧૨/૨૦૨૩ સુધી હતી, ત્યારબાદ તારીખ:-૧૨/૧૨/૨૦૨૩ થી તા.૦૨/૦૧/૨૦૨૪ સુધી લેઇટ ફી સાથે આવેદનપત્રો ભરી શકાશે. લેઇટ ફી ના તબક્કાઓ અને ફી નીચે પ્રમાણે છે.

પ્રથમ તબક્કો– તારીખ:-૧૨/૧૨/૨૦૨૩ થી ૨૧/૧૨/૨૦૨૩ સુધી લેઇટ- રૂ.૨૫૦/-
દ્રીતીય તબક્કો – તારીખ:-૨૨/૧૨/૨૦૨૩ થી ૦૧/૦૧/૨૦૨૪ સુધી લેઇટ- રૂ.૩૦૦/-
તૃતીય તબક્કો –તારીખ:-૦૨/૦૧/૨૦૨૪ થી ૦૨/૦૧/૨૦૨૪ સુધી લેઇટ- રૂ.૩૫૦/-

<u>અંતિમ તારીખ:-૦૨/૦૧/૨૦૨૪ સુધી કોઇપણ સમયે વિદ્યાર્થીની માહિતીમાં શાળા કક્ષાએથી જ સુધારા કરી શકાશે. જે માટે કોઇ અલગથી ફી લાગશે નહીં.</u>

વિદ્યાર્થીનું Principal Approval બાકી હોય તો તે પણ તારીખ:-૦૨/૦૧/૨૦૨૪ (રાત્રીના ૧૨ કલાક) સુધી કરી શકાશે.

<u>બોર્ડની વેબસાઇટ પર ઓનલાઇન આવેદનપત્રો ભરવાની સૂચનાઓ સાથે ઓનલાઇન અને ઓફલાઇન ફી ભરવા સંબંધિત સ્પષ્ટ સૂચનાઓ ધ્યાને લેવી.</u>

નોંધ:- વિદ્યાર્થીનીઓ તથા દિવ્યાંગ વિદ્યાર્થીઓને નિયમિત પરીક્ષા ફી માંથી મુક્તિ આપવામાં આવેલ છે. લેઇટ ફી માંથી કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને મુક્તિ નથી.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

<u>સ્થળ</u>:ગાંધીનગર
તા.૧૧/૧૨/૨૦૨૩